# All India Wadokai Karate-Do Association

Affiliated to

Gujarat Branch

## All India Karate-Do Federation(AIKF)

JKF WADO-KAI

和道会

AIKF Recognesed by

Ministry of Sports and Youth Affairs, Govt. of India
& Indian Olympic Association

માર્ચ-૨૦૧૪

**H. Q. : O'Sensei Arvind Rana** Plot-791/D/3, Panchsheel Park, Sector-21, Gandhinagar-302021 (Gujarat) Ph. 079-23210071

### સ્પોટ્ર્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના મલ્ટીપરપઝ હોલ ખાતે

# ઓલ ગુજરાત વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપ યોજાઈ ગઈ

ઓલ ઈન્ડીયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં સહયોગથી ગાંધીનગરમાં રાજ્ય કક્ષાની કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પોટ્ર્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનાં મલ્ટીપરપઝ હોલમાં તાજેતરમાં યોજાયેલી આ સ્પર્ધામાં ૧૦ જિલ્લાનાં ૪૬૪ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. ઉદ્‌ઘાટન સમારોહમાં અતિથિ વિશેષ તરીકે રોટરી ક્લબ ઓફ કપિટલ, ગાંધીનગરનાં પૂર્વ પ્રમુખો શ્રી યુવરાજસિંહ વાઘેલા, શ્રીમતી અમીબહેન શાહ સહિત રોટેરીયન ડૉ. અંકુર પરમાર પણ ઉપસ્થિત રહ્યાં હતા. વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં ટેક્‌નિકલ ડાયરેક્ટર ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ સ્પર્ધા ખુલ્લી મુકવાની ઘોષણા કરી હતી. સવારથી જ એક સાથે સાત રીંગમાં ખેલાડીઓએ પોતાનું કૌવત દેખાડવાનું શરૂ કરી દીધું હતું. આ સ્પર્ધામાં સૌથી વધુ ૨૭ ગોલ્ડ મેડલ્સ મેળવી આણંદ જિલ્લાની ટીમ પ્રથમ સ્થાને રહી હતી. જ્યારે પોરબંદર જિલ્લાની ટીમ ૧૫ ગોલ્ડ મેડલ્સ સાથે દ્વિતીય અને ગાધીનગરની ટીમ ૧૨ ગોલ્ડ મેડલ્સ સાથે તૃતીય સ્થાને રહી હતી.

સ્પર્ધાના સમાપન પ્રસંગે રોમાંચક ફાઈનલ ફાઈટ્સ બાદ ઉપસ્થિત સ્પોટ્ર્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનાં રીજીયોનલ




ડાયરેક્ટર શ્રી આર. કે. નાયડુ, ગુજરાત રાજ્યનાં પૂર્વ પોલીસ વડા તથા કરાટે એસોસીએશનનાં સંરક્ષક શ્રી પી. કે. બંસલ, ચેરમેન શ્રી રાજેશ અગ્રવાલ, ટેક્‌નિકલ ડાયરેક્ટર શ્રી અરવિંદ રાણા વગેરે મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે વિજેતા ટીમને તથા રનર્સ-અપ ટીમને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

(અનુ. પાન-૨ ઉપર)

# દમણ ખાતે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કરાટે ચેમ્પિયનશીપ સંપન્ન

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશન દ્વારા ગત ૧૫થી ૧૭ નવેમ્બર, ૨૦૧૩ દરમ્યાન ૧૬ મી રાષ્ટ્રીય તેમજ ૧૧ મી આંતરાષ્ટ્રીય કરાટે ચેમ્પિયનશીપ યોજાઈ ગઈ. કેન્દ્ર શાસીત પ્રદેશ દમણ ખાતે યોજાયેલ આ સ્પર્ધાઓમાં રાષ્ટ્રીય કક્ષાએ દમણ ઉપરાંત, ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, દિલ્હી, હરિયાણા, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, અરૂણાંચલ પ્રદેશ જેવા અનેક રાજ્યોમાંથી ચુનંદા ખેલાડીઓએ ભાગ લીધો હતો.

બીજા દિવસે ભારત અને નેપાળની ટીમ વચ્ચે આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ભારતનાં ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ભારતીય ટીમને ચેમ્પિયન






બનાવી હતી.

કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે દમણ જિલ્લા પંચાયતનાં અધ્યક્ષ તથા યુવા રાજનેતા શ્રી કેતનભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. ઓલ ઈન્ડિયાનાં ચેરમેન તથા એશીયન જજ શિહાન રાજેશ અગ્રવાલ, ટેક્‌નિકલ ડાયરેક્ટર ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા.

વાડોકાઈ કરાટે-ડો અકેડમીની ગુજરાતની ટીમે આ સ્પર્ધામાં ભાગ લઈ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પોતાનું કૌવત દેખાડી અનેક મેડલ્સ મેળવ્યા હતા.

# ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા કલોલ ખાતે ૧૮૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ અપાયું

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં સહયોગથી કલોલ સ્થિત સેન્ટ એન્ના ઈંગ્લિશ મિડીયમ સ્કુલ ખાતે મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત યોજાયેલી આ શિબિરમાં વાડોકાઈ કરાટેનાં બ્લેક બેલ્ટ નિષ્ણાત પ્રશિક્ષણ સેનસાઈ શ્રી કલ્પેશ ચાવડા તથા તેમની ટીમ દ્વારા ૧૮૦ વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

૨૬મી ડિસેમ્બરથી ૯મી જાન્યુઆરી-૨૦૧૩ દરમ્યાન યોજાયેલી આ શિબિરમાં વિદ્યાર્થીનીઓને હાથ અને પગનો ઉપયોગ કરી કેવી રીતે સામેવાળા ઉપર પ્રહાર કરી શકાય તથા આપણા ઉપર કોઈ પ્રહાર કરે તો કેવી રીતે બચાવ કરી શકાય તેનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

આ શિબિરનો સમાપન સમારોહ ૯મી જાન્યુઆરીનાં રોજ સવારે ૯-૧૫ કલાકે શાળા પટાંગણમાં યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે સબ ડિવીઝનલ પોલીસ ઓફીસર શ્રી કે. એસ. સવાણી તથા અતિથિ વિશેષ તરીકે વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં ટેક્નિકલ ડાયરેક્ટર ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. ઉપસ્થિત મહાનુભાવો, શાળાનાં આચાર્યા સિસ્ટર સીસી સ્કારીયા તથા શાળાનાં વિદ્યાર્થીઓ સમક્ષ સ્વબચાવનું પ્રશિક્ષણ મેળવેલ વિદ્યાર્થીનીઓએ ટેક્નિક્સનું




રોમાંચક નિદર્શન કર્યું હતું.

નિદર્શન બાદ શ્રી કે. એસ. સવાણીએ તથા ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યક્રમના અંતમાં મંચસ્થ મહાનુભાવોના હસ્તે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

## ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા છત્રાલ ખાતે ૫૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ અપાયું

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં સહયોગથી છત્રાલ ખાતે આવેલ ગોગાપુરા પ્રાથમિક શાળામાં મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત યોજાયેલી આ શિબિરમાં નિષ્ણાત પ્રશિક્ષણ સેનસાઈ શ્રી કલ્પેશ ચાવડા તથા તેમની ટીમે પ્રશિક્ષણ આપ્યું હતું.




૧૯મી ડિસેમ્બરથી ૨જી જાન્યુઆરી-૨૦૧૩ દરમ્યાન બપોરે ૨-૩૦ થી ૩-૩૦ દરમ્યાન યોજાયેલી આ શિબિરમાં ૫૦ વિદ્યાર્થીનીઓએ સ્વબચાવની ટેક્નિક્સનો સઘન અભ્યાસ કર્યો હતો.

આ શિબિરના સમાપન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં ટેક્નિકલ ડાયરેક્ટર ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણાએ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત સર્વ શિક્ષા અભિયાનનાં સી. આર. સી. કો-ઓર્ડિનેટર શ્રી ગિરીશ પ્રજાપતિ, ગોગાપુરા ગ્રામ પંચાયતનાં સરપંચ શ્રી પ્રતાપજી ભનાજી ઠાકોર તથા શાળાનાં આચાર્ય શ્રી નિલેશકુમાર બી. ઝાલા ઉપસ્થિત રહ્યાં હતા.

## ઓલ ગુજરાત

(પાન-૧નું શેષ)

આ ઉપરાંત સીનીયર કોચ સેનસાઈ શ્રી સોમાજી ચૌહાણ, સેનસાઈ શ્રી રાજેશ બુંદેલા, સેનસાઈ શ્રી ગૌરાંગ રાણા સહિત વિવિધ જિલ્લાના નિયામકો સર્વેશ્રી સેનસાઈ ચક્રબહાદુર દમાઈ, સેનસાઈ જીગ્નેશ ત્રિવેદી, સેનસાઈ વિશાલ મિસ્ત્રી, સેનસાઈ કલ્પેશ ચાવડા, સેનસાઈ જીગ્નેશ ઠક્કર, સેનસાઈ કેતન કોટિયા, સેનસાઈ રૂપેશ વાઘેલા, સેનસાઈ કમલ દવે, સેમ્પાઈ જિતેશ ડોડીયા વગેરે મહાનુભાવોએ વિજેતા ખેલાડીઓને મેડલ્સ એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા.

સ્પર્ધાને સફળ બનાવવા આ બધા નિષ્ણાતોની સાથે જુદા જુદા જિલ્લાઓમાં આવેલા ૪૦ જેટલા ક્વોલીફાઈડ ટેક્નિકલ નિષ્ણાતોએ પ્રસંશનીય કામગીરી કરી હતી.

## અમદાવાદ ખાતે જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધા યોજાઈ ગઈ




વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતની અમદાવાદ શાખા દ્વારા જિલ્લા કક્ષાની આંતર શાળાકીય કરાટે સ્પર્ધા યોજાઈ ગઈ. શ્રી મિરામ્બિકા સ્કુલ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં અમદાવાદની જુદી જુદી સાત શાળાઓનાં ૧૫૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણા, સ્પર્ધાના નિયામક સેનસાઈ શ્રી રાજેષભાઈ બુંદેલા, સિનિયર કોચ સેનસાઈ શ્રી સોમાજી ચૌહાણ, સ્પર્ધાની ટેક્નિકલ કમિટિનાં અધ્યક્ષ સેનસાઈ શ્રી ગૌરાંગ રાણા, જિલ્લાનાં નિયામક સેનસાઈ શ્રી જિગ્નેશ ત્રિવેદી તથા કોચ શ્રી દિપેશ ગજ્જરની ઉપસ્થિતિમાં સ્પર્ધાનો પ્રારંભ શાળાના આચાર્યા શ્રીમતી પૂનમબહેને દિપ પ્રાગટ્યથી કરાવ્યો હતો. શાળા ટ્રસ્ટનાં પ્રમુખ શ્રીમતી જિગીશાબહેન પટેલે પણ સ્પર્ધા દરમ્યાન ઉપસ્થિત રહી વિજેતા ખેલાડીઓને મેડલ્સ એનાયત કર્યા હતા.

સ્પર્ધાનાં સંચાલન માટે ગાંધીનગરથી નિષ્ણાતોની ટીમે આવીને સેવાઓ પ્રદાન કરી હતી. સમગ્ર સ્પર્ધાના સફળ આયોજનમાં શ્રી દેવર્ષિભાઈ પટેલે પ્રસંશનીય સહયોગ પ્રદાન કર્યો હતો.

# ધી એ. એલ. ઝવેરી હાઈસ્કુલ, છત્રાલ ખાતે સ્વબચાવનું પ્રશિક્ષણ અપાયું

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં સહયોગથી કલોલ તાલુકાના છત્રાલ ખાતે આવેલ ધી એ. એલ. ઝવેરી હાઈસ્કુલમાં મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત યોજાયેલી આ શિબિરમાં વાડોકાઈ કરાટેનાં બ્લેક બેલ્ટ નિષ્ણાત પ્રશિક્ષણ સેનસાઈ શ્રી કલ્પેશ ચાવડા તથા તેમની ટીમ દ્વારા ૧૧૫ વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

૧૯મી ડિસેમ્બરથી ૨જી જાન્યુઆરી-૨૦૧૩ દરમ્યાન યોજાયેલી આ શિબિરમાં વિદ્યાર્થીનીઓને કેવી રીતે સામેવાળા ઉપર પ્રહાર કરી શકાય તથા કોઈ પ્રહાર કરે તો કેવી રીતે બચાવ કરી શકાય તેનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

આ શિબિરનો સમાપન સમારોહ ૧૬મી જાન્યુઆરીનાં રોજ બપોરે ૨-૩૦ કલાકે શાળા પટાંગણમાં યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે છત્રાલ પોલીસ સ્ટેશનનાં પી.આઈ. શ્રી એન. બી. દવે ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. આ ઉપરાંત કરાટે અકેડમીનાં ચીફ ઈન્સ્ટ્રક્ટર સેનસાઈ શ્રી ગૌરાંગભાઈ રાણા તથા શાળાનાં ઉપાઆચાર્ય શ્રી વિનોદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતા. સ્વબચાવનું પ્રશિક્ષણ મેળવેલ વિદ્યાર્થીનીઓએ વિવિધ ટેક્નિક્સનું નિદર્શન કર્યું હતું.

નિદર્શન બાદ મુખ્ય અતિથિ પી.આઈ. શ્રી એન. બી. દવેએ વિદ્યાર્થીનીઓને સુરક્ષા સેતુ પ્રોજેક્ટ વિશે સમજ આપી હતી. મહિલાઓની સુરક્ષા માટે પોલીસ દ્વારા કરવામાં આવતી



કામગીરી વિશે તેમણે સમજ આપી હતી. લગભગ અડધો કલાક કાઉન્સીલીંગ દ્વારા વિદ્યાર્થીનીઓનો ઉત્સાહવર્ધન કર્યો હતો. કાર્યક્રમના અંતમાં મંચસ્થ મહાનુભાવના હસ્તે વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

# પડકાર કાર્યક્રમ અંતર્ગત સુરેન્દ્રનગરમાં મહિલાઓને સ્બચાવનું પ્રશિક્ષણ અપાયું







ગુજરાત સરકાર દ્વારા મહિલાઓ સ્વરક્ષણ કરવા માટે સમર્થ બને તે હેતુથી પડકાર નામ સાથે ૧૦ - ૧૦ દિવસની શિબિરોનું બે વખત આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતનાં માધ્યમથી યોજાયેલા આ કાર્યક્રમમાં વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં જુદા જુદા જિલ્લામાંઓમાં વર્ગો ચલાવતા કરાટે પ્રશિક્ષકો દ્વારા આ પ્રોજેક્ટ અતર્ગત પ્રશિક્ષણ આપવાનું કાર્ય કર્યું હતું. સુરેન્દ્રનગરમાં સેનસાઈ ચક્રબહાદુર દમાઈ તથા તેમની ટીમ દ્વારા વિવિધ શાળા-કોલેજોમાં પડકાર પ્રોજેક્ટ અંતર્ગત શિબિરો યોજી સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.



નવેમ્બર માસમાં દમણ ખાતે યોજાયેલી રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કરાટે સ્પર્ધામાં પોરબંદરનાં જે ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરીને મેડલ્સ મેળવ્યા હતા તે તમામને સ્મૃતિચિહ્ન આપીને સન્માનવામાં આવ્યા હતા. પોરબંદર ડિસ્ટ્રીક્ટ ઈન્ટરસ્કુલ કરાટે ચેમ્પિયનશીપનાં સમાપન સમારોહ પ્રસંગે આ ખેલાડીઓને સન્માનવામાં આવ્યા હતા.

પોરબંદર તથા કચ્છ જિલ્લાનાં નિયામક સેનસાઈ શ્રી કેતનભાઈ કોટીયા તથા વિજેતા ખેલાડીઓ અને તેમના કોચ ખુશખુશાલ મુદ્રામાં દશ્યમાન થાય છે.



સી. યુ. શાહ પોલીટેકનિક, સુરેન્દ્રનગર ખાતે સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત વિદ્યાર્થીનીઓ માટે નિ:શુલ્ક સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવી હતી. જેના સમાપન પ્રસંગે નાયબ પોલીસ અધિક્ષક શ્રી પન્નાબહેન મોમાયા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. વિદ્યાર્થીનીઓએ મેળવેલ પ્રશિક્ષણનું નિદર્શન કરવામાં આવ્યું હતું. વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં સુરેન્દ્રનગર જિલ્લાનાં નિયામક સેનસાઈ શ્રી ચક્રબહાદુર દમાઈએ કરાટે શીખવાથી થતા લાભ ઉપર પ્રકાશ પાડ્યો હતો.

# રાજકોટની શ્રી કન્યા વિદ્યાલય-ખામટા ખાતે કરાટે નિદર્શન યોજાયું

અકેડમીની રાજકોટ શાખા દ્વારા શ્રી કન્યા વિદ્યાલય, ખામટા ખાતે શાળા સમય દરમ્યાન કરાટેને વિષય તરીક શીખવાડવામાં આવે છે. સેનસાઈ શ્રી રૂપેશ વાઘેલા દ્વારા ચલાવવામાં આવતા આ પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે દર વર્ષે સમુહ લગ્ન પ્રસંગે વિદ્યાર્થીનીઓ દ્વારા કરાટે નિદર્શનનો કાર્યક્રમ રાખવામાં આવે છે.

આ વર્ષે પણ કરાટે તથા યોગાસનના નિદર્શનનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમને કન્યા શાળાના ટ્રસ્ટીઓ, આચાર્યશ્રી, શિક્ષકવૃંદ તથા વાલીઓ અને બહોળી સંખ્યામાં ઉપસ્થિત લોકોએ માણ્યો હતો.

## આણંદ જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત

# એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ ખાતે વિદ્યાર્થીની માટે સ્વબચાવની પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ

સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા આણંદ ટાઉન પોલીસ તથા વાડોકાઈ કરાટે-ડો અકેડમીના સહયોગથી સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એસ.પટેલ આર્ટસ કોલેજ ખાતે સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર શરૂ કરવામાં આવી હતી.

આ શિબિરમાં આણંદ ટાઉન પી.આઇ. શ્રી હરદેવસિંહ વાઘેલાના સહયોગથી તથા સેનસાઇ શ્રી જીગ્નેશભાઇ ઠક્કરના સીધા માર્ગદર્શન હેઠળ કોચ સેનસાઇ શ્રી કમલેશ વસાવા તથા સેનસાઇ શ્રી મેહુલ ઠક્કર દ્વારા વિદ્યાર્થીનીઓને કરાટેની પ્રાથમિક તાલીમ આપી હતી.

આ સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરનો સમાપન સમારોહ તાજેતરમાં યોજાઈ ગયો. આ પ્રસંગે આણંદ ટાઉન પી.આઈ. શ્રી હરદેવસિંહ વાઘેલા, વાડોકાઈ કરાટે-ડો અકેડમી આણંદ જિલ્લાના ડિસ્ટ્રીકટ ડાયરેકટર સેનસાઇ શ્રી જિજ્ઞેશભાઈ ઠક્કર, કરાટેના સનિયર કોચ સેનસાઇ શ્રીમતી દર્શનાબહેન ઠકરાર, એન.એસ.પટેલ આર્ટસ કોલેજનાં પ્રિન્સીપાલ ડો. મોહનભાઇ પટેલ, વાઇસ પ્રિન્સીપાલ શ્રી પ્રતિક્ષાબેન પટેલ અને વુમન સેલના ઈન્ચાર્જ શ્રી હિનાબેન ગજજર ઉપસ્થિત રહયાં હતા.




આ પ્રસંગે દસ દિવસ સ્વબચાવ પ્રિશિક્ષણ લીધેલ વિદ્યાર્થીનીઓએ કરાટેનું અદ્ભૂત નિદર્શન કર્યું હતું.

નિદર્શન બાદ પ્રાસંગિક ઉદ્બોધન આપતાં આણંદ ટાઉન પી.આઇ. શ્રી હરદેવસિંહ વાઘેલાએ કરાટે શીખવાથી થતા લાભો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. સેનસાઈ શ્રી જિજ્ઞેશભાઈ ઠક્કરે જણાવ્યું હતુ કે કરાટેની કળા વ્યકિતમાં રહેલી વિવિધ સુષુપ્ત શકિતઓ ઉદિપ્ત કરવાની કળા છે. જિલ્લા પોલીસ દ્વારા ચલાવાતા આ નિઃશુલ્ક કરાટે પ્રશિક્ષણનો વધુને વધુ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

સમારંભના અંતિમ ચરણમાં સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરની વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

## આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ




સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત આણંદ ટાઉન પોલીસ તથા વાડોકાઈ કરાટે-ડો અકેડમીના સંયુકત ઉપક્રમે શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે નિઃશુલ્ક સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં કોલેજની ૭૮ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ શિબિરમાં સેનસાઇ શ્રી ચેતન ફુમકિયાએ વિદ્યાર્થીનીઓને કરાટેની પ્રાથમિક તાલીમ આપી હતી. કરાટેની પ્રાથમિક તાલીમ દ્વારા આપણે કેવી રીતે પોતાનો સ્વબચાવ કરી શકીએ તેની વિવિધ ટેક્નિક બતાવવામાં આવી હતી.

શિબિરના સમાપન સમારોહમાં આણંદ ટાઉન પી. આઈ. શ્રી હરદેવસિંહ વાઘેલા, વાડોકાઇ કરાટે-ડો અકેડમી, ગુજરાતની આણંદ શાખાના નિયામક સેનસાઇ શ્રી જીગ્નેશ ઠક્કર, કોલેજના આચાર્ય શ્રી પ્રકાશકુમાર પટેલ, કોલેજના વુમન સેલના કન્વિનર શ્રી જેનિફરબેન ક્રિશ્ચિયન ઉપસ્થિત રહ્યાં હતા.

આ પ્રસંગે માત્ર ચાર દિવસ સ્વબચાવ પ્રશિક્ષણ લીધેલ વિદ્યાર્થીનીઓએ કરાટેનું અદ્ભૂત નિદર્શન કર્યુ હતુ. અંતે શ્રી ભાવિન સુથારે આભારવિધિ કરી હતી.

## સુરક્ષા સેતુ અંતર્ગત એન.વી.પટેલ સાયન્સ કોલેજમાં સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર સફળતા પૂર્વક સંપન્ન





સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા વલ્લભ વિદ્યાનગર પોલીસ તથા વાડોકાઇ કરાટે-ડો અકેડમીના સંયુકત ઉપક્રમે ગત તા. ૩.૨.૨૦૧૪થી ૧૧ દિવસ સુધી સાંજના ૫ થી ૬ વાગ્યા દરમ્યાન ચારૂતર વિદ્યામંડળ સંચાલિત એન.વી.પટેલ સાયન્સ કોલેજ ખાતે નિઃશુલ્ક સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં કોલેજની ૩૫ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ શિબિર સફળ બનાવી હતી.

આ શિબિરમાં વિદ્યાનગર ટાઉન પી.એસ.આઇ. શ્રી જી. એ. પટેલના સહયોગથી સેનસાઇ શ્રી જીગ્નેશ ઠક્કર તથા સેનસાઇ શ્રી સૂરજ ઠક્કરે વિદ્યાર્થીનીઓને કરાટેની પ્રાથમિક તાલીમ આપી હતી. તા. ૧૪.૨.૨૦૧૪ને શુક્રવારના રોજ બપોરના ૩ વાગ્યે શિબિરનો સમાપન સમારોહ યોજાઈ ગયો. આ પ્રસંગે કોલેજના આચાર્ય શ્રી ડો. બાસુદેબ બક્ષી, વાડોકાઇ કરાટે-ડો અકેડમી આણંદ શાખાના નિયામક સેનસાઇ શ્રી જીગ્નેશભાઇ ઠક્કર, કોલેજના વુમન સેલના ઈન્ચાર્જ શ્રી ડૉ. શ્વેતાબેન ત્રિવેદી તથા કરાટે કોચ સેનસાઈ શ્રી સુરજ ઠક્કર તથા સેનસાઈ શ્રી મેહુલ ઠક્કર ઉપસ્થિત રહયાં હતા.

આ પ્રસંગે કોલેજની વિદ્યાર્થીનીઓએ કરાટેનું અદ્ભૂત નિદર્શન કર્યું હતું. ત્યારબાદ શિબિરમાં ભાગ લીધેલ દરેક વિદ્યાર્થીનીને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. અંતમાં શ્રી ડૉ. ઈશા દેસાઈએ આભારવિધિ સંપન્ન કરી હતી.

## સેન્ટ મેરી સ્કુલ ચેમ્પિયન તથા સાંદિપની સ્કુલ રનર્સ અપ રહી

# પોરબંદર ખાતે ઈન્ટરસ્કુલ કરાટે ચેમ્પિયનશીપ યોજાઈ ગઈ

પોરબંદર

વાડોકાઈ કરાટે-ડો એકેડમી, ગુજરાતની પોરબંદર શાખા દ્વારા પોરબંદર ઈન્ટરસ્કુલ વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું. ગત ૩૦મી નવેમ્બર, ૨૦૧૩નાં રોજ સાગર સંસ્કાર હોલ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં પોરબંદરની જુદી જુદી શાળાઓનાં ૨૮૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધાના ઉદ્‌ઘાટન સમારોહ પ્રસંગે કોસ્ટ ગાર્ડનાં ડીઆઈજી શ્રી રાકેશ પાલ, અકેડમીનાં ટેક્નિકલ ડાયરેક્ટર ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણા, જિલ્લાનાં નિયામક સેનસાઈ શ્રી કેતનભાઈ કોટીયા, રોટરી ક્લબનાં પ્રમુખ શ્રી રોહિતભાઈ લાખાણી, રોટે. શ્રી પ્રિતેશભાઈ લાખાણી સહિત અનેક શાળાના આચાર્યો, શિક્ષકો ઉપરાંત નગરનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.








આ સ્પર્ધામાં સેન્ટ મેરી સ્કુલની ટીમે સૌથી વધુ મેડલ્સ મેળવી ચેમ્પિયનશીપ શીલ્ડ જીત્યો હતો. જ્યારે રનર્સ અપ તરીકે બીજા ક્રમે સાંદીપની સ્કુલ રહી હતી.

સાંજે સમાપન સમારોહમાં વિજેતા ખેલાડીઓને સન્માનવા કોસ્ટ ગાર્ડનાં ડીઆઈજી શ્રી આર. મકવાણા, પોરબંદર નગર પાલિકાનાં પ્રમુખ શ્રી પંકજભાઈ મજીઠીયા, ખારવા જ્ઞાતિના વણોટ શ્રી દિલીપભાઈ લોઢારી અકેડમીનાં ટેક્નિકલ ડાયરેક્ટર ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણા સહિત અનેક આગેવાનો તથા વિવિધ શાળાનાં આચાર્યો ઉપસ્થિત રહ્યાં હતા.

સ્પર્ધાને સફળ બનાવવા સેનસાઈ સુરજ મસાણી, જયેશ ખેતરપાળ, મહેશ મોતીવરસ સહિત અનેક બ્લેક બેલ્ટ નિષ્ણાતોએ પ્રસંશનીય કામીગીરી કરી હતી.

## સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા

# શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા શરૂ કરાયેલા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા અડાલજ સ્થિત શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં સહયોગથી આ ૧૨ દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં સ્વબચાવની વિવિધ બેઝીક ટેક્નિક્સનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. કરાટે અકેડમીનાં નિષ્ણાત પ્રશિક્ષકો શ્રી સુરેન્દ્રસિંહ વાઘેલા તથા શ્રી આકાશ શર્મા દ્વારા આ શિબિરનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

શિબિરનાં સમાપન સમારોહ પ્રસંગે ઓલ ઈન્ડીયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનનાં સંરક્ષક તથા ગુજરાત સરકારના પૂર્વ મંત્રી શ્રી રજનીકાન્તભાઈ રજવાડી અને કરાટે અકેડમીનાં ટેક્નિકલ ડાયરેક્ટર ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. પી.ટી.સી. કોલેજનાં આચાર્યા શ્રીમતી સુરેખાબહેન ચૌધરી તથા અધ્યાપક શ્રી મુકેશકુમાર એન. વૈદ્ય પણ મંચ ઉપર ઉપસ્થિત રહ્યા હતા. સમાપન સમારોહનાં પ્રારંભમાં વિદ્યાર્થીનીઓએ ૧૨ દિવસ દરમ્યાન શીખેલ વિવિધ બેઝીક ટેક્નિક્સની સાથે સ્વબચાવની વિવિધ ટેક્નિક્સનું નિદર્શન કર્યું હતું.


સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર તા. ૩ થી ૧૭ ડિસેમ્બર, ૨૦૧૩
શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજ, ગાંધીનગર

પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણાએ વિદ્યાર્થીનીઓને કરાટેનું મહત્વ તથા લાભ ઉપર પ્રકાશ પાડ્યો હતો. ઉપસ્થિત મુખ્ય અતિથિ શ્રી રજનીકાન્તભાઈ રજવાડીએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીનીઓને નિર્ભિક બનવા તથા જરૂર પડે આ કળાનો ઉપયોગ કરવા પ્રેરણા આપી હતી. કોલેજનાં આચાર્યા શ્રીમતી સુરેખાબહેને આ શિબિરથી વિદ્યાર્થીનીઓને થયેલા લાભની વાત કરી આ પ્રકારનાં કાર્યક્રમો સતત કરતા રહેવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમનાં અંતમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે શિબિરમાં સફળતાપૂર્વક ભાગ લીધા અંગેના પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. સમાપન સમારોહનું સફળ સંચાલન કોલેજનાં અધ્યાપક શ્રી મુકેશકુમાર વૈદ્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

### આણંદ સ્થિત કે.જે.ઠક્કર બાલશાળામાં

## સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત નિઃશુલ્ક સ્વબચાવ પ્રશિક્ષણ વર્ગ સંપન્ન



સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કે.જે.ઠક્કર બાલશાળા ખાતે સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત જુલાઈ ૨૦૧૩ થી માર્ચ ૨૦૧૪ સુધી સ્વબચાવના નિયમિત પ્રશિક્ષણ વર્ગો વાડોકાઈ કરાટેના કોચ સેનસાઈ શ્રી મેહુલ ઠક્કર તથા શ્રી પ્રદિપ ગોહેલ દ્વારા ચલાવવામાં આવ્યા હતા.

આ વર્ગનો પૂર્ણાહુતિ સમારોહ ગત તા. ૭-૩-૨૦૧૪ ને શુક્રવારના રોજ યોજાઈ ગયો. સમાપન સમારોહમાં જાગૃત મહિલા સંગઠનના પ્રમુખ શ્રીમતી આશાબેન દલાલ, વાડોકાઈ કરાટે-ડો અકેડમીના આણંદ જીલ્લાના નિયામક સેનસાઈ શ્રી જીગ્નેશ ઠક્કર તથા કે.જે.ઠક્કર બાલશાળાનાં આચાર્ય શ્રી શૈલેષભાઈ પટેલ હાજર રહી વિદ્યાર્થીનીઓન પ્રમાણપત્રો એનાયત કરી પ્રોત્સાહિત કરી હતી.

## પોરબંદર પોલીસના ચુનંદા જવાનોને અનાર્મ કોમ્બેટનું પ્રશિક્ષણ અપાયું



પોરબંદર જીલ્લા પોલીસની ખાસ ટીમને વધુ ચપળ, સશક્ત બનાવવા માટે તથા ગુનેગારો સામે જડબાતોડ જવાબ આપ કે તે માટે અનાર્મ્ડ કોમ્બેટ ટ્રેનીંગ તથા તન,મનથી સ્વસ્થ રહી શકે તે માટે પાવર યોગા તેમજ એક્રોબેટીક યોગાનું પ્રશિક્ષણ આપવા માટે



પોરબંદરની જાણીતી કરાટે શીખવતી સંસ્થા વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં પોરબંદરનાં નિયામક સેનસાઈ શ્રી કેતન કોટીયાને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

આ શિબિરમાં સેનસાઈ શ્રી કેતન કોટીયા દ્વારા સતત દસ દિવસ સુધી પોરબંદર જિલ્લા પોલીસની ખાસ ટીમને અનાર્મ્ડ કોમ્બેટમાં હેન્ડ ટુ હેન્ડ, હેન્ડ ટુ વેપન્સ, હેન્ડ ટુ ગન, ફાઈટ વીથ વન પર્સન, ફાઈટ વીથ ટુ પર્સન, ફાઈટ વીથ મેની પર્સન તથા શરીરનાં વિવિધ અંગોને સ્વસ્થ તેમજ સશક્ત બનાવનારી એક્સરસાઈઝનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

## અમદાવાદ સ્થિત ટર્ફ સ્કુલ ખાતે કરાટે નિદર્શનનો કાર્યક્રમ યોજાયો

અમદાવાદ સ્થિત ટર્ફ સ્કુલ ખાતે તાજેતરમાં વાર્ષિકોત્સવ પ્રસંગે કરાટેના નિદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ શાળામાં શાળા સમય દરમ્યાન વિદ્યાર્થીઓને કરાટેનું પ્રશિક્ષણ સેનસાઈ શ્રી જિગ્નેશભાઈ ત્રિવેદી દ્વારા આપવામાં આવી રહ્યું છે.





શ્રી લાલજી મહારાજ તરીકે પ્રખ્યાત શ્રી વજેન્દ્ર પાંડે દ્વારા હાથ ઉપર લાકડી તોડવાના તથા અન્ય વિદ્યાર્થીઓ દ્વારા શરીરનાં વિવિધ અંગો ઉપર લાકડી તોડવાના નિદર્શને લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ કાર્યક્રમ નિહાળવા સ્વામીનારાયણ સંપ્રદાયનાં ગાદીપતિ શ્રી કૌશલેન્દ્રજી મહારાજ પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે ટ્રસ્ટી શ્રી તુષારભાઈ પટેલ તથા શ્રી જીગરભાઈ પટેલ, પ્રાથમિક શાળાનાં આચાર્યા શ્રીમતી શ્રદ્ધાબહેન શુકલા તથા હાઈસ્કુલનાં આચાર્ય શ્રી મનીશભાઈ આચાર્ય ઉપસ્થિત રહ્યાં હતા.

### સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત

## ગાંધીનગર ખાતે સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ સંપન્ન



ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા શાળાની વિદ્યાર્થીનીઓ સ્ટ્રેસ ફ્રી અભ્યાસ કરી શકે તે હેતુથી સ્ટ્રેસ મેનેજમેન્ટનાં વર્કશોપનું આયોજન કરે છે. આવો જ એક વર્કશોપ ગાંધીનગર સ્થિત શ્રી જે. એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે યોજાઈ ગયો.

સર્વોત્કર્ષ સેવા સંસ્થાનનાં સહયોગથી યોજાયેલા આ બે દિવસીય વર્કશોપમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતી ૧૨૦ થી વધુ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

વિષય નિષ્ણાત શ્રી અરવિંદભાઈ રાણા દ્વારા વિદ્યાર્થી અવસ્થામાં ઉદ્ભવતા સ્ટ્રેસનાં કારણો સમજાવી તેને દૂર કરવાના ઉપાયો સંબંધિત જાણકારી આપવામાં આવી હતી. પરીક્ષામાં ધારી સફળતા મેળવવા કેવી રીતે આયોજન કરવું જોઈએ તેની પણ જાણકારી આપવામાં આવી હતી.

**સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત વલ્લભ વિદ્યાનગર પોલીસ તથા વાડોકાઈ કરાટે-ડો એકેડમીના સહયોગથી**

# જલારામ કન્યા છાત્રાલય ખાતે મહિલા સુરક્ષા અને સશક્તિકરણ સેમિનાર તથા સ્વબચાવ શિબિરનો સમાપન સમારોહ સંપન્ન

સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત વિદ્યાનગર ટાઉન પોલીસના સહયોગથી વાડોકાઈ કરાટે-ડો એકેડમી દ્વારા વીસ દિવસીય પ્રાથમિક કરાટે પ્રશિક્ષણ શિબિર જલારામ કન્યા છાત્રાલય, વલ્લભ વિદ્યાનગર ખાતે યોજાઈ ગઈ. જેમાં છાત્રાલયની ૩૭ વિદ્યાર્થીનીઓએ રસ પૂર્વક ભાગ લીધો હતો.

શિબિરના સમાપન સમારોહ તથા મહિલા સુરક્ષા સશક્તિકરણ સેમિનારમાં વડોદરાનાં પૂર્વ સાંસદ શ્રીમતી જયાબેન ઠક્કર, વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતના ટેક્નિકલ ડાયરેક્ટર ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણા, સંસ્થાના આણંદ શાખાના ડિસ્ટ્રીક્ટ ડાયરેક્ટર સેનસાઈ શ્રી જીગ્નેશ ઠક્કર, એડિશનલ સિનિયર સિવીલ જજ શ્રીમતી રૂપાબેન રાજપૂત અને સિવિલ જજ શ્રીમતી જીનલબેન અઢીયા, કન્યા છાત્રાલયના ટ્રસ્ટીઓ તથા સંચાલક શ્રી કાંતિભાઈ સાદરાણી ઉપસ્થિત રહ્યાં હતા.

સૌ પ્રથમ તાલીમાર્થી વિદ્યાર્થીનીઓ દ્વારા કરાટેની બેઝીક તથા એડવાન્સ ટેક્નિકનું નિદર્શન કરવામાં આવ્યું હતું ત્યારબાદ કિક દ્વારા એડવાન્સ બ્રેકીંગ કરવામાં આવ્યું હતું.

નિદર્શન બાદ વિશ્વ મહિલા દિનની ઉજવણીનાં ભાગરૂપે મહિલા સુરક્ષા અને સશક્તિકરણ સેમિનારનાં ભાગરૂપે આમંત્રિત વિદ્વાનોનાં મનનીય વ્યાખ્યાનો યોજવામાં આવ્યા હતા. પ્રારંભમાં સ્વાગત પ્રવચન શ્રી શિલાબેન વિઠ્ઠલાણી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં મુખ્ય અતિથિ શ્રીમતી જયાબેને તેમના વક્તવ્યમાં ઉપસ્થિત કોલેજની વિદ્યાર્થીનીઓને શીખ આપતાં મર્યાદામાં રહીને દરેક કાર્ય કરવા જણાવ્યું હતું. તેમણે અન્યાયની સામે અડગ ઉભા રહેવા તથા જરૂર હોય તેવી જગ્યાએ એકબીજાને મદદરૂપ થઈ સાચો માર્ગ પસંદ કરીને ચાલવા અનુરોધ કર્યો હતો. તેમણે મહિલા દિન નિમિત્તે આજે જે બહેનોએ કરાટેનું નિદર્શન કર્યું તેમને બિરદાવી અને સાચા અર્થમાં મહિલા સશક્તિકરણ થયેલ હોવાનું જણાવ્યું હતું. તેમણે શ્રી અરવિંદભાઈ, શ્રી જિજ્ઞેશભાઈ તથા તેમની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.





પ્રાસંગિક ઉદ્‌બોધન આપતાં ગાંધીનગરથી પધારેલા શ્રી અરવિંદભાઈ રાણા જણાવ્યું હતું કે વિશ્વ મહિલા દિનની ઉજવણી કરવાની પરંપરા જ એ વાતને સાબિત કરે છે કે ભૂતકાળમાં મહિલાઓ ઉપર અત્યાચારો થયા હશે. તેમને થઈ રહેલા અન્યાય સામે અવાજ ઉઠાવવા જ આ વિશ્વ મહિલા દિનની ઉજવણીનો પ્રારંભ થયો છે. મહિલાઓને શારીરિક, માનસિક, બૌદ્ધિક, આત્મિક અને સામાજિક એમ પાંચ પ્રકારની ઉન્નતિ માટે પ્રયાસ કરવા પ્રેરણા આપી હતી. તેમણે શિબિરાર્થી બહેનોને આ ઉન્નતિનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે શ્રી જિજ્ઞેશભાઈએ સ્વબચાવની ટેકનિક્સનો નિયમિત અભ્યાસ કરવા જણાવ્યું હતું. શક્તિઓને કેળવી સશક્ત બનો અને નિડર થઈને જીવન વિતાવો તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં શ્રીમતી રૂપાબેન રાજપૂતે કાયદાકીય લાભો વિશે માહિતી આપી વિદ્યાર્થીનીઓને કાયદાથી થતા લાભો વિશે જાગૃત કર્યા હતા. તેમણે કરાટે જેવી કળા બહેનનો માટે ખૂબ જરૂરી હોવાનો ઉલ્લેખ કરી કરાટે જાણનાર વ્યક્તિ કેવી રીતે પોતાના ઉપર થતા અત્યાચારથી બચી શકે તેના પ્રત્યક્ષ જોયેલા ઉદાહરણો ટાંક્યા હતા.

જ્યારે શ્રીમતી જીનલબેન અઢીયાએ કાયદાકીય ફાયદા વિશે માહિતી આપી હતી. જ્યારે આપણે કાયદાકીય જાગૃત થઈ આપણે તથા આજુબાજુની બહેનોને તેનો લાભ અપાવશું તો જ ખરા અર્થમાં આપણે વિશ્વ મહિલા દિન મનાવ્યો સાર્થક કહેવાશે.

અંતમાં કન્યા છાત્રાલયના ટ્રસ્ટીશ્રી તથા સંચાલક શ્રી કાંતિભાઈએ મહિલા દિનની શુભેચ્છાઓ પાઠવી બહેનોનો ઉત્સાહ વધાર્યો હતો.

# ભાવનગર ખાતે શ્રી વી. પી. કાપડીયા મહિલા કોલેજમાં કરાટે પ્રશિક્ષણ શિબિર સંપન્ન

વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતની ભાવનગર શાખા દ્વારા શ્રી વી. પી. કાપડિયા મહિલા કોલેજ ખાતે કરાટે પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ભાવનગર જિલ્લાનાં કરાટે અકેડમીનાં નિયામક બ્લેક બેલ્ટ નિષ્ણાત સેનસાઈ શ્રી કમલ દવે દ્વારા બહેનોને ઓછા બળથી વધુ અસરકારક પ્રહાર કેવી રીતે કરી શકાય, કોઈ વ્યક્તિ જ્યારે આપણને શરીરના કોઈપણ અંગથી પકડી લે ત્યારે કરાટેનો ઉપયોગ કરીને કેવી રીતે છૂટવું, શરીરનાં ક્યા અંગો ઉપર પ્રહાર કરવાથી વધારે દર્દ થાય છે, બહેનો પોતાના દુપટ્ટા, પર્સ અને સેન્ડલનો કેવી રીતે હથિયાર તરીકે ઉપયોગ કરી શકે તેનું ક્રિયાત્મક જ્ઞાન અસરકારકરીતે આપવામાં આવ્યું હતું.





કરાટેની સાથે બહેનોને માનસિકરીતે તૈયાર કરવા ભાવનગર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ અને નામાંકીત નોટરી-એડવોકેટ શ્રીમતી કિર્તીબહેન દાણીધરિયાએ પોતાનો સમય ફાળવી બહેનોને માર્ગદર્શન આપ્યું હતું.

મહિલા કોલેજનાં પ્રાધ્યાપક શ્રી શીતલબહેન ઉપાધ્યાયે મહિલાઓની છેડતી અને બળાત્કાર જેવી ઘટનાથી બચવા કરાટે જેવી કળાની તાલીમ ઉપર ભાર મુકતાં કહ્યું હતું કે પોતાનો બચાવ જાતે જ કરતા શીખવું જોઈએ.

## ગૃહ વિભાગનાં અધિક મુખ્ય સચિવશ્રી ડૉ. એસ. કે. નંદાની ઉપસ્થિતિમાં સમાપન સમારોહ યોજાયો

# સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત આણંદની કસ્તુરબા કન્યા વિદ્યાલય ખાતે ૨૨૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ અપાયું





આણંદ જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત શાળાની કન્યાઓ માટે નિઃશુલ્ક કરાટે પ્રશિક્ષણના વર્ગો ચલાવવામાં આવી રહ્યા છે. સતત એક વર્ષ સુધી વાડોકાઈ કરાટે-ડો અકેડમીના નિષ્ણાંત પ્રશિક્ષકો દ્વારા આ પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. આ પ્રશિક્ષણ શિબિરનો પૂર્ણાહૂતિ સમારોહ ચરોતર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં યોજવામાં આવ્યો હતો.







આ સમારોહમાં અધ્યક્ષ તરીકે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. એસ. કે. નંદા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વાડોકાઈ કરાટે-ડો અકેડમીના ટેક્નિકલ ડાયરેક્ટર શ્રી અરવિંદ રાણા, આણંદ જિલ્લા પોલીસ વડા શ્રી આર. વી. અસારી ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહનાં અધ્યક્ષ અને ગૃહ વિભાગનાં અધિક મુખ્ય સચિવશ્રી ડૉ. એસ. કે. નંદાએ પોતાનાં પ્રાસંગિક ઉદ્બોધનમાં વિદ્યાર્થીનીઓને સતત એક વર્ષ સુધી કરાટેનું નિરંતર પ્રશિક્ષણ આપવા બદલ જિલ્લાનાં પોલીસ તંત્રને, કરાટે અકેડમીને તથા શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રકારની અસરકારક તાલીમથી જ વિદ્યાર્થીનીઓમાં આત્મવિશ્વાસ તથા પ્રતિકાર કરવાની શક્તિ વિકસિત થઈ શકે અને સુરક્ષા સેતુનો આ મુખ્ય હેતુ હોવાનું તેમણે જણાવ્યું હતું. ૧૨૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓ દ્વારા રજૂ કરાયેલા સામુહિક નિદર્શનથી પ્રભાવિત થઈને તેમણે જણાવ્યું હતું કે આ નિદર્શન જોઈને એવું લાગે છે કે વિદ્યાર્થીનીઓમાં શિસ્તબદ્ધતા, આત્મવિશ્વાસ અને ગમે તેવા પડકારનો સામનો કરવાની હિંમત આવી ગઈ છે. તેમણે વિદ્યાર્થીનીઓને પોતાની સલામતી માટે કરાટેનો સતત અભ્યાસ કરતા રહેવા પ્રેરણા આપી હતી.

આણંદ જિલ્લા પોલીસ વડા શ્રી આર. વી. અસારીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે છેડતી કરનારા, બળાત્કાર કરનારા તત્વો વાસ્તવમાં ખૂબ નબળી માનસિકતાવાળા હોય છે. જો બહેનો દ્વારા મક્કમ મને અને યોગ્ય પ્રયાસથી સામનો કરવામાં આવે તો આવા લોકોને પાઠ ભણાવવાનું અઘરું નથી. કરાટે જેવી વિદ્યા શીખીને બહેનોમાં પ્રતિકાર કરવાની શક્તિ વિકસિત થાય છે અને સાથે સાથે આત્મવિશ્વાસમાં પણ વૃદ્ધિ થાય છે. આણંદ જિલ્લા પોલીસ દ્વારા આ ૨૨૦૦ વિદ્યાર્થીનીઓને સતત એક વર્ષ સુધી પ્રશિક્ષિત કરવાનો કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો છે પરંતુ હજુ બાકી રહી ગયેલી વિદ્યાર્થીનીઓ માટે આવતા વર્ષે વાડોકાઈ કરાટે-ડો અકેડમીની સાથે રહીને વિવિધ શાળાઓમાં સતત કાર્યક્રમો ચલાવવામાં આવશે તેવી તેમણે ઘોષણા કરી હતી.

પ્રાસંગિક ઉદ્બોધન કરતાં શ્રી અરવિંદભાઈ રાણાએ જણાવ્યું હતું કે દરેક વ્યક્તિમાં શક્તિઓ રહેલી હોય છે. આ શક્તિઓને કેળવણીનાં માધ્યમથી જાગૃત કરી શકાય છે. તેમણે વિદ્યાર્થીનીઓને શક્તિશાળી બનવા પ્રેરણા આપી હતી. ગત એક વર્ષ દરમ્યાન શીખેલી કરાટેની ટેકનિક્સનો નિયમિત અભ્યાસ કરતા રહેવા વિદ્યાર્થીનીઓને અનુરોધ કર્યો હતો.

શાળાનાં આચાર્યા શ્રીમતી રશ્મીબહેન પી. પટેલે કાર્યક્રમનાં પ્રારંભમાં સૌને આવકાર્યા હતા અને કરાટે કળાની આવશ્યકતા ઉપર પણ સંક્ષિપ્તમાં પ્રકાશ પાડ્યો હતો. ત્યારબાદ આણંદ જિલ્લાના નિયામક સેનસાઈ શ્રી જિગ્નેશભાઈ ઠક્કરે સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત આણંદમાં ચાલતી સ્વબચાવનાં પ્રશિક્ષણની પ્રવૃત્તિઓ વિશે સંક્ષિપ્તમાં માહિતી આપી હતી.

નિદર્શનનાં સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અકેડમીનાં સિનિયર કોચ તથા જિલ્લાનાં અધિક નિયામક સેનસાઈ શ્રી ચેતનભાઈ ફુમકિયા દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાની ૧૨૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓ ઉપરાંત નિયમિત કરાટે વર્ગની વિદ્યાર્થીનીઓએ પણ વિવિધ એડવાન્સ્ડ ફાઈટીંગ તથા બ્રેકીંગ ટેક્નિક્સનું રોમાંચક નિદર્શન કર્યું હતું.

આ પ્રસંગે અકેડમીનાં બ્લેક બેલ્ટ નિષ્ણાતો સેનસાઈ શ્રી કમલેશ વાઘેલા, મેહુલ ઠક્કર, કુ. પ્રતિમા પિમ્પલગાંવકર, કુ. પૃથ્વી મિસ્ત્રી, કુ. નંદિની પારેખ, કુ. વર્ષા ઠાકોર, કુ. શાલીની કુશવાહ, કુ. પાયલ કુશવાહએ કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપ્યો હતો.

આ કાર્યક્રમમાં ડીવાયએસપી શ્રી એમ. એચ. વસાણી, આણંદ ટાઉન પી.આઈ. શ્રી હરદેવસિંહ વાઘેલા, કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલ તથા કસ્તુરબા કન્યા વિદ્યાલયના આચાર્ય રશ્મીકાબેન , દર્શનાબેન ઠક્કર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ભારતીબેન તથા વર્ષાબહેને કર્યું હતું.

